પા
આ
ળ
લ
ક

## પ્રાસ્તાવિક

છેક બાલ્યાવસ્થાથી જ મારા દાદીમા માતાજી ભાગીરથીએ મને કંઠસ્થ કરાવેલી 'સાગર'ની બે કૃતિઓ "ઝબકતી વીજ અજવાળે"! અને "ઓમ પ્રભુજીની ગઝલ"ના સંસ્કારો મારા ચિત્ત પર અંકિત થયા હતા. "દીવાને સાગર" દફતર ૧ની પુનરાવૃત્તિ તેમ જ મારા પિતાશ્રીએ લખેલું 'સાગર'નું જીવનચરિત્ર વાંચતાં અસંપ્રજ્ઞાતપણે એ સંસ્કારો દઢીભૂત થતા ગયા. ભાગ્યવશાત્ બી. એ. અને એમ. એ. માં મુખ્ય વિષય તરીકે ગુજરાતી તરફ પસંદગી ઢળતાં મસ્તરંગના કવિઓમાંના એક તરીકે સાગર નો અભ્યાસ કરવાની તક સાંપડી.

એમ. એ. થયા પછી તરત જ ભારત સરકાર તરફથી અપાતી ઉચ્ચ સંશોધન માટેની શિષ્યવૃત્તિ અંગેની વિજ્ઞાપના વાંચી, મનોમન દઢ નિર્ધાર કર્યો. શિષ્યવૃત્તિ મેળવવા માટેની પ્રાથમિક વિધિ પતાવવા માટે મ. સ. યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા તેમ જ પ્રાચ્યવિદ્યામંદિરના અધ્યક્ષ મારા ગુરુ વિદ્વદ્વર્ય ડૉ. ભોગીલાલ સાંડેસરાને મળ્યો. વિષયની પસંદગી વખતે "કવિ, તત્ત્વચિંતક અને ગદ્યલેખક તરીકે સાગર" એ વિષય પ્રત્યેની મારી અભિરુચિ દર્શાવી અને છેવટે આ વિષયને મંજૂરીની મહોર વાગી. આ સંશોધન માટે મને અઢી વર્ષ સુધી માસિક રૂ. ૨૦૦ની શિષ્યવૃત્તિ ભારત સરકારે આપી છે, જે માટે હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આ મહાનિબંધ મેં ચાર વિભાગમાં રજૂ કર્યો છે. પહેલા વિભાગમાં સાગર ના ભૌતિક તેમ જ આધ્યાત્મિક જીવનની રૂપરેખા આપી છે. સાગર ના અપ્રસિધ્ધ પત્રો, ડાયરી, કાચાં ટાંચણો તેમ જ કાવ્યોનો તેના યોગ્ય સંદર્ભમાં વિનિયોગ પણ કર્યો છે. 'સાગર'ના સાહિત્યિક તેમ જ આધ્યાત્મિક જીવનનાં પ્રેરકબળો

અને તેમના સાહિત્યકાર મિત્રો સાથેનો સંબંધ પણ દર્શાવ્યો છે. બીજા વિભાગમાં 'સાગર'ની કવિતાનો સર્વાંગી અભ્યાસ રજૂ કર્યો છે. મને પ્રાપ્ત થયેલાં અપ્રસિધ્ધ કાવ્યો પણ પરિશિષ્ટ ૪ ધ્વારા પ્રથમવાર પ્રસિધ્ધ કર્યાં છે. ત્રીજા વિભાગમાં તત્ત્વચિંતક તરીકે 'સાગર'નું પ્રદાન પ્રથમવાર તપાસ્યું છે. 'સાગર'નો ઐહિક વિચારણા પરત્વેના મૌલિક દ્રષ્ટિકોણનો પ્રથમવાર પરિચય કરાવ્યો છે. 'સાગર'ના તાત્ત્વિક દર્શનની પૂર્વભૂમિકારૂપે અજાતવાદ અને સૂફીવાદની વિચારધારાઓ પણ સમજાવી છે. આ અંગે કેટલાંક અપ્રાપ્ય પુસ્તકો મને પ્રાચ્યવિધામંદિરની લાયબ્રેરીમાંથી પ્રાપ્ત થયાં છે જે વિના મારું કાર્ય અધૂરું જ ગણાત. આ માટે પ્રાચ્ય-વિધામંદિરના અધ્યક્ષ પ્રત્યેની મારી કૃતજ્ઞતા વ્યકત કરું છું.

સાગરે પોતાનું તત્ત્વજ્ઞાન સમજાવવા માટે પ્રયોજેલા ત્રણ અપ્રસિધ્ધ નકશાઓ – ધનચક્કરનો નકશો, પ્રભાતનો નકશો તેમજ આપણી છબીનો નકશો (પરિશિષ્ટ અ,બ,ક) ફિલમનાં સૂત્રો (પરિશિષ્ટ ૫), ધનચક્કર નકશાની ગાઇડ (પરિશિષ્ટ ૬), આમલીનો ધર્મ (પરિશિષ્ટ ૭) અને અખાજીનું તત્ત્વજ્ઞાન નામક લેખ (પરિશિષ્ટ ૧૦) પ્રથમવાર રજૂ કર્યાં છે. સાગર ના તાત્ત્વિક દર્શનની સમીક્ષા માટે મેં આ અપ્રસિધ્ધ સાહિત્ય તેમ જ કાચાં ટાંચણોનો તેના યોગ્ય સંદર્ભમાં વિનિયોગ કર્યો છે. ચોથા વિભાગમાં ચિન્તનાત્મક ગધલેખક તર તરીકે 'સાગર'નું મૂલ્યાંકન કર્યું છે. 'સાગર'ની ડાયરી, સંપાદનો તેમ જ વિવેચનલેખોમાંથી નિષ્પન્ન થતું એમનું વિચારક, સંશોધક અને વિવેચક તરીકેનું દર્શન પણ કરાવ્યું છે.

મારા સંશોધનના કાર્યમાં ખૂબ રસપૂર્વક સાદ્યન્ત માર્ગદર્શન આપવા માટે મારા વિદ્યાગુરુ ડૉ. ભોગીલાલ જે. સાંડેસરાનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ કાર્ય અંગે મારા પિતાશ્રી ડૉ. યોગીન્દ્ર જ. ત્રિપાઠી, તેમ જ 'સાગર'ના અનન્ય શિષ્ય ડૉ. કેશવલાલ અ. ઠક્કરે પણ કીમતી માર્ગદર્શન આપ્યું છે. મારા પ્રત્યેની એમની મમતા માટે ખૂબ આભારી છું.

મારા ગુરુ ડૉ. રણજિતભાઇ પટેલ (અનામી) તેમ જ ડૉ. હર્ષદભાઇ ત્રિવેદીએ મારા કાર્યમાં મહત્ત્વનાં સૂચનો કર્યાં છે જે માટે તેમનો હું અત્યંત ઋણી છું.

'સાગર'ના લઘુબંધુઓ શ્રી મણિભાઇ દા. ત્રિપાઠી તેમ જ સ્વ. 'કુંજ' - ચિમનલાલ દા. ત્રિપાઠીનો પણ કીમતી માહિતી તેમ જ પ્રોત્સાહન આપવા માટે હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

સાગર ના શિષ્યમંડળમાંથી સવિશેષ શ્રી ન્હાનાલાલ અ. યાજ્ઞિક, શ્રી ગિરધરલાઇ પટેલ, શ્રી છગનભાઇ પટેલ તેમ જ ગં. સ્વ. પરસનબેન ફકીરભાઇ પટેલે આપેલી સહાય માટે તેમનો ઋણી છું.

મારા મિત્રો શ્રી માર્કન્ડ પંડયા, શ્રી શિરીષ પંચાલ, પ્રા. શાન્તીલાલ પી. ગઢિયા, પ્રા. પુષ્પાબેન પરીખ, પ્રા. પ્રમોદભાઇ પંચોલી, પ્રા. જશવન્તલાલ વ્યાસ, શ્રી રમેશચન્દ્ર ગોલે, શ્રી ભૂપેન્દ્રભાઇ જોષી તેમ જ શ્રી કાન્તિભાઇ પટેલનો મારા પ્રત્યે દર્શાવેલી સદ્ભાવના તેમ જ તેઓએ આપેલી અનન્ય સહાય માટે ખૂબ આભારી થયો છું.

નકલ કરવામાં તેમ જ ટાઇપની ભૂલો સુધારવામાં મને આપેલી સક્રિય સહાય માટે શ્રી ગોપાળ શાસ્ત્રી, શ્રી પ્રવિણ મિસ્ત્રી, કુ. અમીતા પાઠક, કુ. કુંજબાળા શાહ, કુ. કોકીલા શાહ, કુ. ગાયત્રી દેસાઇ, કુ. કપીલા પટેલ, કુ. પુણ્યાબેન ત્રિપાઠી અને મારા વિદ્યાર્થીઓ શ્રી ભારતસિંહ પઢિયાર અને કુ. લક્ષ્મીબેન પટેલનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું.

ગુજરાતી ટાઇપીંગ મુશ્કેલ ભર્યું હોવાછતાં મારું કાર્ય ખૂબ ચીવટપૂર્વક સફળતાથી પાર પાડવા માટે શ્રી પ્રવિણભાઇ કાયસ્થ તેમ જ શ્રી જીતેન્દ્રભાઇ પટેલનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું.

બને ત્યાં સુધી કાળજીપૂર્વક ભૂલો સુધારી છે અને ગુજરાતી ટાઇપની કેટલાંક મર્યાદાઓ પણ નિવારવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં સંભવ છે કે શરતચૂકથી કયાંક ભૂલો રહી જવા પામી હશે. આવું થયું હોય તો તે માટે પહેલેથી જ ક્ષમા યાચું છું.

મારા આ સંશોધન કાર્ય માટે મારા કુટુંબના સભ્યોએ પોતાની મારા પ્રત્યેની મમતાની પ્રતીતિ કરાવી છે. તેમનો આભાર ન માનું તો કેમ ચાલે ?

જેમણે પ્રત્યક્ષ કે પરોક્ષ મદદ કરી છે તે સર્વના ઋણમાંથી હું મુક્ત થતો નથી એની સભાનતા સાથે હૃદયપૂર્વક આભાર પ્રદર્શિત કરી વિરમું છું.

---ooo---

અનિલકુમાર પો. ત્રિપાઠી

દાંડીયાબજાર,
વડોદરા
તા.૨૨-૫-૯૬